| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૧૬/૦૬/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૬/૦૬/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૨૩/૦૬/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૦૭ |

सत्यमेव जयते

---

**મહેરબાન ભરૂચના ચોથા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૪૭૧/૨૦૨૬**

**આંક : – ૬**

**અરજદાર :–** **પરમાર દિનેશભાઈ ફતેસિંહ,**
રહે. બોડી કુવા, સીમ વિસ્તાર,
શેરખી વડોદરા.

**વિરૂધ્ધ...**

**સામાવાળા :–** **ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી ડી.ડી.મિસ્ત્રી
સરકારશ્રી તરફે વિ. એ.પી.પી.શ્રી એમ.જી.રાઠોડ

---

**–:: ચુકાદો ::–**

(૧) અરજદારના વિધ્વાન વકીલશ્રી તથા વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. અરજદારની અરજીની હકીકત ટુંકમાં એવી છે કે,અરજદાર પરમાર દિનેશભાઈ ફતેસિંહનાઓએ તેઓની માલીકી કબજા ભોગવટાની TATA MOTORS LTDનું ટેન્કર જેનો એન્જીન નં.– BOF6290867 તથા ચેસીસ નં. 466372JRZ015924 છે અને જેનો રજીસ્ટ્રેશન નં. જી.જે.૦૬.એ.એકસ.૩૯૬૩ તે ત.ક. અમલદારે ઇ.પી.કો.કલમ–૨૭૭, ૨૮૪, ૩૩૬, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૩૦૮ તથા પર્યાવરણ સુરક્ષા અધિનિયમની કલમ–

૧૫, ૧૬ ના ગુનાના કામે કબજે લીધેલ છે. સદર મુદામાલ વાહન અરજદારને પરત કરવામાં ન આવે તો સદર ટેન્કરનાં સ્પરપાર્ટસ કટાઇ જાય તેમ છે તથા ટાયર ટયુબ બગડી જાય તેમ છે. જેથી અરજદારને ગંભીર નુકશાન થાય તેમ છે. સદર ટેન્કરને જો સમય સર સર્વીસ કરવવામાં નહી આવે તો તેની મશીનરી બગડી જવાની સંભાવના રહેલી છે. સદર મુદામાલ અરજદારના વેપારનું રોજિંદુ વપરાશનું સાધન છે અને જો તે પરત ન આપવામાં આવેતો અરજદારનું આર્થીક નુકશાન થાય તેમ છે. સદર પો.સ્ટેશનમાં કોઇ ગોડાઉન કે ગેરેજ જેવી કોઇ સગવડ નથી જેથી તે ખુલ્લામાં પડી રહે તો સ્પેરપાર્ટસને નુકશાન થાય તેમ છે. સદરહ મુદ્ધામાલ વાહન વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા હાલની આ અરજી કરેલ છે. તેમજ નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા સુંદર અંબાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ પણ મુદામાલ વાહન સુપ્રત કરવા માટે યોગ્ય અને વ્યાજબી કારણો હોય મુદામાલને પરત ફરવા હુકમ ફરમાવવા અરજ ફરેલ છે.

(૨) અરજદારના વિ.વ.શ્રી તરફે એવી દલીલો સાંભળી, આ વાહન અરજદારની માલિકીનું છે જેની આર.સી.બુકની નકલ તથા આધાર કાર્ડ નકલ લીસ્ટથી રજુ રાખેલ છે. વધુમાં નામ. કોર્ટ જણાવે તે તમામ શરતોનું પાલન ફરવા અરજદાર તૈયાર છે.

(૩) વિ.એ.પી.પી.શ્રી તરફે એવી રજુઆત છે કે, પોલીસ અભિપ્રાય આંકુ–૦૫ થી રેકર્ડ ઉપર રજુ રાખેલ છે અને તે મુજબ હાલના આરોપીઓએ ઝેરી હેઝાર્ડ કેમિકલ વેસ્ટ ગેરકાયદેસર રીતે નિકાલ કરી તેમજ બનાવટી બીલ બનાવેલ છે. જેથી કબજે કરેલ મુદામાલ પરત સોંપવમાં આવે તો ફરીથી અન્ય ગુનાના કામે ઉપયોગમાં લેવાશે તે વાતને નકારી શકાય નહી. જેથી મુદામાલ નહી છોડવા રજુઆત કરેલ છે.

(૪) સદર કામે અરજદારની અરજી સંદર્ભે ત.ક.અ.નો અભિપ્રાય આંક–૫ થી રજુ થયેલ છે જે ધ્યાને લેતા અરજદારને મુદામાલ વાહન પરત

સોંપવામાં આવશે તો ફરીથી આ પ્રકારના ગુનાહિત કામે ઉપયોગમાં લેશે તેવી શક્યતા હોય મુદામાલ વાહન પરત નહી સોંપવા વિનંતી કરેલ છે.

(૫) અરજીના સમર્થનમાં અરજદારે એફ આઈ આર.ની નકલ, વાહનના આર.સી.બુકની નકલ, અરજદારના આધારકાર્ડ ની નકલ રજુ રાખેલ છે. ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં સદર મુદ્દામાલ વાહનના માલિક અરજદાર હોવાનું સ્પષ્ટ જણાય છે. જયારે આર.સી. બુકની નકલ ધ્યાને લેતાં અરજદાર પરમાર દિનેશભાઇ ફતેસિંહ મુદ્દામાલ વાહનના માલિક હોવાનું જણાય છે. વધુમાં મુદ્દામાલ પાવતી તથા પંચનામુ ધ્યાને લેતા મુદામાલ TATA MOTORS LTDનું ટેન્કર જેનો એન્જીન નં.– BOF6290867 તથા ચેસીસ નં. 466372JRZ015924 છે અને જેનો રજીસ્ટ્રેશન નં. જી.જે.૦૬.એ.એકસ.૩૯૬૩ આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ છે તેમ જણાય છે. વધુમાં હાલના અરજદાર હાલના ગુનાના કામે આરોપી તરીકે નથી. વધુમાં પોલીસ અભિપ્રાય ધ્યાને લેતા, પોલીસને તપાસના કામે મુદ્દામાલ વાહનની જરૂરીયાત હોય તેમ જણાતુ નથી. તે સંજોગોમાં મુદ્દામાલ વાહન અરજદારને વચગાળાની કસ્ટડી તરીકે સોંપવું ન્યાયોચિત જણાય છે. વધુમાં મુદામાલ વાહનની ઓળખની હકીકત ટ્રાયલ દરમ્યાન ઉપસ્થિત થાય તેમ છે પરંતુ આ સંદર્ભમાં જોવામાં આવે તો સદર મુદામાલ વાહનની ચારે તરફના ફોટોગ્રાફસ લઇ તે ચાર્જશીટ સાથે રેકર્ડ ઉપર રાખવામાં આવે તો મુદામાલ વાહનની ઓળખ અંગેનો પુરાવો ટ્રાયલ દરમ્યાન રેકર્ડ ઉપર આવી શકે તેમ છે.

(૬) વધુમાં સદર મુદામાલ વાહનની માલિકી હાલના અરજદારની છે અને આ સિવાય મુદામાલ વાહનના અન્ય કોઈ કલેઈમન્ટ નથી તે સંજોગોમાં જો મુદામાલ વાહન લાંબા સમય સુધી પો.સ્ટે.માં બિનવપરાશી હાલતમાં પડી રહે તો તેના ટાયર, બેટરી, કલર વિગેરેને નુકશાન થાય તેમ છે.આમ, બી.એન.એસ.એસ.ની કલમ–

૪૯૭ (ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૫૧) ની જોગવાઈ તથા નામ. સુપ્રિમ કોર્ટના સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ.ગુજરાત રાજ્યના ચુકાદામાં માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લેતાં, હાલની અરજી મંજુર કરી શરતોને આધીન મુદામાલ વાહન વચગાળાની કસ્ટડી તરીકે અરજદારને સોંપવું ન્યાયોચિત જણાય છે.

**:: હુકમ ::**

(૧) હાલની અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આમોદ પો.સ્ટે.ના ગુ.ર.નં.૧૧૧૯૯૦૦૩૨૫૦૨૩૬/૨૦૨૫ કે જેનો સેસન્સ કેસ નં.૧૦/૨૦૨૬ તથા પુરવણી સેસન્સ કેસ નં.૩૮/૨૦૨૬ ના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ TATA MOTORS LTDનું ટેન્કર જેનો એન્જીન નં.– BOF6290867 તથા ચેસીસ નં. 466372JRZ015924 છે અને જેનો રજીસ્ટ્રેશન નં. જી.જે.૦૬.એ.એકસ.૩૯૬૩ હાલના અરજદાર પરમાર દિનેશભાઈ ફતેસિંહને મુદ્દામાલની કીંમતની દોઢી રકમના જાત જામીન અને તેટલી જ રકમના બોન્ડ ટ્રાયલ કોર્ટ રૂબરૂ રજુ કર્યેથી નીચેની શરતોને આધીન રહી વચગાળાની કસ્ટડી સ્વરુપે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**:: શરતો ::**

૧. અરજદારે સદરહુ મુદામાલ વાહન અદાલત ફરમાવે ત્યારે અને ત્યાં રજુ કરવાનો રહેશે.

૨. અરજદારે સદરહ મુદ્દામાલ કેસનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી કોઈપણ ઈસમને વેચાણ–ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ પણ રીતે તબદીલ કરવો કે કરાવવો નહી.

૩. અરજદારે સદરહુ મુદામાલનો ઉપયોગ કોઈપણ પ્રકારના ગુનાહિત કૃત્યમાં કરવો–કરાવવો નહી.

૪. સદર મુદામાલ વાહનની ઓળખ થઈ શકે તે રીતે અરજદારના ખર્ચે મુદામાલ વાહનની ચારે તરફના ફોટોગ્રાફસ પડાવ્યા બાદ સદર

મુદામાલ વાહન પંચનામું કરીને સોંપવુ અને ત.ક.અ.શ્રીએ આ પંચનામું તથા ફોટોગ્રાફસ વિ.ટ્રાયલ કોર્ટમાં રજુ કરવા.

અરજદારે જામીન તથા બોન્ડ વિ.ટ્રાયલ કોર્ટમાં રજુ કરેથી જેતે પો.સ્ટેશનને યાદી કરવી.

આ હુકમ આજ **તા. ૨૩ મી, માહે : જૂન, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩/૦૬/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(વી.બી.રાજપુત)**
ચોથા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૬૯૨)**

એમ.પી.ભરૂચા